GJVD040001342005

| | |
|---|---|
| Registration No.: | 369/2005 |
| Filed On: | 14.02.2005 |
| Registered On : | 14.02.2005 |
| Decided on : | 21.09.2024 |
| Duration : | Y M D |
| | 19 07 07 |

**પાદરાના મે.એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, પાદરા**

ફોજદારી કેસ નં.૩૬૯/૨૦૦૫
આંક–૧૧૦

ફરિયાદીઃ ધી સ્ટેટ ઓફ ગુજરાત

**વિરુધ્ધ**

આરોપીઓઃ (૧) ઠાકોરભાઇ ઘનશ્યામભાઇ ગાંધી **(કબુલ)**
રહે.ભોઇવાડો, નવાપુરા, પાદરા, તા.પાદરા, જી.વડોદરા.

(૨) ભરતભાઇ કનુભાઇ પટેલ **(કબુલ)**
રહે.ધાયજ ગામ, ચોરા પાસે, તા.પાદરા, જી.વડોદરા.

(૩) કેચરભાઇ બીપીનચંદ્ર શાહ **(કબુલ)**
રહે.૫, સોનલપાર્ક સોસાયટી, કારેલીબાગ, વી.આઇ.પી.રોડ, વડોદરા.

(૪) ભરતભાઇ રમેશભાઇ ગાંધી **(કબુલ)**
રહે.ગ્યાનબાધ સોસાયટી, પાતળીયા હનુમાન રોડ, તા.પાદરા, જી.વડોદરા.

(૫) ~~કૃષ્ણકાંત રતીલાલ પંચાલ~~ **(એબેટ)**
રહે.લકુલેશ નગર–૨, વર્દી સ્કુલ, તા.પાદરા, જી.વડોદરા.

(૬) બિરેનભાઇ નરસિંહભાઇ પટેલ **(કબુલ)**
રહે.ખોડલનગર, માંજલપુર, વડોદરા.

(૭) સુધીરકુમાર પ્રફુલભાઇ શાહ **(કબુલ)**
રહે.૪૬, ગોપીનાથજી નગર, વાસણા રોડ, વડોદરા.

(૮) રાજેશભાઇ શાંતિલાલ પટેલ
રહે.સી–૮૬, સ્નોપલ્સ સોસાયટી, વાસણા રોડ, વડોદરા.

(૯) સમીરભાઇ નરેન્દ્રભાઇ ભાવસાર
રહે.મોટી છીપવાડ, જૈન ઉપાશ્રય પાસે, પાણીગેટ, ભદ્રઓફીસ સામે, વડોદરા.

(૧૦) રાકેશકુમાર કંચનલાલ શાહ **(કબુલ)**
રહે.૨૪, વૈકુંઠ–૨, હરણી રોડ, વડોદરા.

(૧૧) ~~જીગ્નેશકુમાર પ્રવિણચંદ્ર શાહ~~ **(એબેટ)**
રહે.૩૨, ભાગ્યલક્ષ્મી સોસાયટી, વ્રજધામ મંદિરની સામે, માંજલપુર, વડોદરા.

(૧૨) ગીરીશભાઇ અમૃતલાલ શાહ **(કબુલ)**
રહે.૧૫, દયાનંદ પાર્ક, જલારામ પાસે, ગોત્રી રોડ, વડોદરા.

(૧૩) દિલીપભાઇ સુમનભાઇ પટેલ **(કબુલ)**
રહે.૪૨, ગુજરાત હાઉસીંગ બોર્ડ, પ્રતાપનગર, વડોદરા.

---

**બાબતઃધી પ્રોહિબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧)(૩), ૬૫(એ)(ઇ), ૮૧ મુજબ**

---

**ફરિયાદી તરફેઃ વિ.એ.પી.પી.શ્રી એચ.એ.પ્રજાપતિ**
**આરોપી નં.૮ અને ૯ તરફેઃ વિ.વ.શ્રી.જી.કે.પરમાર**

---

## –:: <u>ચુકાદો</u> ::–

(૧) ફરિયાદપક્ષ તરફે ફરિયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ત્હોમતદારોએ તા.૦૮.૧૦.૨૦૦૪ ના રોજ કલાક ૧૯.૧૫ વાગ્યેના સુમારે મોજે પાદરા ગામની સીમમાં આરોપી નં.૧ ના ખેતરમાં જાહેર જગ્યામાં વગર પાસ પરમીટે પોતે પોતાના કબ્જામાં ઇંગ્લીશ દારૂ રાખી દારૂની મહેફીલ યોજી આરોપી નં. ૧, ૩, ૪, ૬, ૧૦, ૧૧, ૧૨,૧૩ નાઓ દારૂનો નશો કરેલી હાલતમાં તેમજ આરોપી નં.૨,૪,૭,૮,૯ નાઓ મહેફીલમાં સાથે હાજર રહી તેમજ ઇંગ્લીશ દારૂની બોટલ તેમજ મીક્સ કરેલ દારૂ તેમજ દારૂ પીવા માટેના સાધનો રાખી પકડાઇ જઇ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરતાં, આ બનાવ અંગે ફરિયાદીએ આરોપી વિરુધ્ધ પાદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલ. તે અંગે પાદરા પોલીસ સ્ટેશનમાં ગુન્હો રજીસ્ટર

થતાં, તપાસ કરનાર અમલદારને ફરિયાદની તપાસ મળતા તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, જરૂરી પંચનામાં કરી, તપાસને અંતે આ કામના આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા અત્રેની અદાલતમાં આરોપીઓ વિરુધ્ધ ધી પ્રોહિબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧)(૩), ૬૫(એ)(ઇ), ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ તારીખ ૧૪.૦૨.૨૦૦૫ ના રોજ દાખલ કરેલ.

(૨) સદર ચાર્જશીટ દાખલ થયા બાદ કેસ રજીસ્ટરે નોંધવામાં આવેલ અને આરોપીઓ જામીન ઉપર હોઇ, આરોપીઓને સમન્સ કરતા તેમના વિ.વ.શ્રી સાથે હાજર થયેલ છે. ત્યારબાદ, આરોપીઓને તેમની સામેના કેસની અને ફરિયાદપક્ષ જેની ઉપર આધાર રાખે છે તે તમામ પેપર્સની નકલો સી.આર.પી.સી.કલમ–૨૦૭ મુજબ, વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ તથા ત્યારબાદ આંક–૦૫ થી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ તેમની સામેના ગુનાનો ઇન્કાર કરી કેસ ચલાવવાની માંગણી કરતા, કેસ આગળની કાર્યવાહી માટે રાખવામાં આવેલ.

(૩) આ કામનું રેકર્ડ જોતાં આરોપી નં.૦૫ કૃષ્ણકાંત રતીલાલ પંચાલ નાઓ મરણ જતાં માર્ક–૧૦૪/૧ થી તેમના મરણનું પ્રમાણપત્ર રજુ થયેલ છે જે ધ્યાને લેતાં આરોપી નં.૦૫ મરણ ગયેલ હોવાનું જણાતું હોય આરોપી નં.૦૫ કૃષ્ણકાંત રતીલાલ પંચાલ સામેની કાર્યવાહી આથી આંક–૧ લગત હુકમ કરી એબેટ કરવામાં આવેલ છે. તેવી જ રીતે આરોપી નં.૧૧ જીગ્નેશકુમાર પ્રવિણચંદ્ર શાહ નાઓ મરણ જતાં માર્ક–૪૮/૧ થી તેમના મરણનું પ્રમાણપત્ર રજુ થયેલ છે જે ધ્યાને લેતાં આરોપી નં.૧૧ મરણ ગયેલ હોવાનું જણાતું હોય આરોપી નં.૧૧ જીગ્નેશકુમાર પ્રવિણચંદ્ર શાહ સામેની કાર્યવાહી પણ આંક–૧ લગત હુકમ કરી એબેટ કરવામાં આવેલ છે.

(૪) વધુમાં આ કામનું રેકર્ડ જોતાં આરોપીઓએ તેમની પ્લીમાં ગુનાની ઇન્કારી કરેલ હોય જેથી સદર કામ ફરિયાદપક્ષના પુારવા માટે રાખવામાં આવેલ અને ફરિયાદપક્ષ તરફે સાક્ષીઓની જુબાની નોંધવામાં આવેલ. ત્યારબાદ આરોપી નં.૧, ૨, ૩, ૪, ૬, ૭, ૧૦, ૧૨, ૧૩ નાઓએ તા.૧૯.૦૨.૨૦૨૪ ના રોજ આંક–૧૧૦ થી ગુનાની કબુલાત પુરસીસ આપેલ અને જે આધારે તેઓએ ગુનો કબુલ કરેલો હોય તેમજ આંક–૧૧૧ થી આંક–૧૧૯ સુધી કબુલાત પુરસીસ આપેલ હોય, જેથી

સદર આરોપીઓએ ગુનાની કબુલાત આપેલ હોય અત્રેની કોર્ટ દ્વારા આંક–૧૨૦ થી સદર આરોપીઓની ગુનાની કબુલાતને ધ્યાને લેતાં તા.૧૯.૦૨.૨૦૨૪ ના રોજ આરોપીઓને તકસીરવાન ઠરાવી દરેક આરોપીઓને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ.૫૦૦/– નો દંડ કરેલ તેમજ જો આરોપીઓ દંડ ના ભરે તો ૨ દિવસની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરેલ. વધુમાં સદર હુકમ મુજબ આરોપી નં.૫ તથા આરોપી નં.૧૧ અવસાન પામેલ હોય તેઓને એબેટ કરવામાં આવેલ તેમજ આરોપી નં.૮ તથા આરોપી નં.૯ સામે સદર કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

(૫) વધુમાં આ કામનું રેકર્ડ જોતાં આંક–૧૦૯ થી આરોપી નં.૮ રાજેશ શાંતિલાલ પટેલના જામીનદાર ભીખુભાઇ ફોગટભાઇ પટેલે આરોપી નજીકના ભવિષ્યમાં આફ્રિકાથી આવવાના ન હોય તેવી રજુઆત કરેલ હોય, જેથી તેઓ આરોપી નં.૮ ને હાજર રાખી શકે તેમ ન હોય, તેઓ આરોપીના રૂ.૧૫,૦૦૦/– ના જામીન થયેલ હોય, જામીનદાર પાસેથી રૂ.૧૫,૦૦૦/– નો દંડ કરવામાં આવેલ. આમ, સદર કામનું રેકર્ડ જોતાં આરોપી નં.૮ તથા ૯ ને તેઓ સામેના હાલના ગુનાની પુરેપુરી માહિતી હોવા છતાં તથા તેઓ હાજર રહેતા ન હોય જેથી જામીનદારને નોટીસ કરતા જામીનદાર દ્વારા પણ આરોપીને હાજર રખાવી શકે તેમ નથી તેવી રજુઆત કરેલ હોય તેમજ અન્ય આરોપીઓ દ્વારા આરોપી નં.૯ હાજર રહેતા ન હોય જેથઈ આંક–૫૯ થી તા.૦૬.૦૭.૨૦૧૮ ના રોજ આરોપી નં.૯ ની ગેરહાજરીમાં કેસ ચલાવવા અરજી આપેલ હોય જેઅ અરજી હેઠળ કરેલ હુકમ મુજબ આરોપી નં.૯ ને વારંવાર વોરંટ કરવા છતા હાજર રહેતા ન હોય જેથી સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ મુજબ આરોપી નં.૯ ની ગેરહાજરીમાં કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૬) ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**<u>મૌખિક પુરાવા</u>**

| અ.નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧. | પંચસાહેદ મહેશભાઇ ઇશ્વરભાઇની સોગંદ ઉપરની જુબાની | ૧૦ |
| ૨. | પંચસાહેદ વિજયભાઇ જેસીંગભાઇની સોગંદ ઉપરની જુબાની | ૧૨ |

| | | |
|---|---|---|
| ૩. | એ.એસ.આઇ.નસરુલ્લાખાન ઇસબખાનની સોગંદ ઉપરની જુબાની | ૩૬ |
| ૪. | સાહેદ રમેશભાઇ રયજીભાઇ વરીયાની સોગંદ ઉપરની જુબાની | ૩૮ |
| ૫. | સાહેદ દાદુસિંહ લાલસિંહ પરમારની સોગંદ ઉપરની જુબાની | ૪૨ |

## દસ્તાવેજી પુરાવા

| અ.નં. | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૧ |
| ૨. | ફરિયાદીએ આપેલ ફરિયાદ | ૪૩ |

(૭) ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એચ.એ.પ્રજાપતિની વિદ્વતાપુર્વકની દલીલો સાંભળવામાં આવેલી છે. ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીઓએ તેમના કેસના સમર્થનમાં જે દલીલો કરેલ છે તેનું પુનરાવર્તન ટાળવા અત્રે તેની ચર્ચા કરવામાં આવતી નથી. આરોપીઓ કે આરોપીના વિ.વ.શ્રી હાજર નથી કે કોઇ રીપોર્ટ નથી.

(૮) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના મુદ્દા ફ્રેમ કરવામાં આવેલ છે.

## મુદ્દાઓ

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત સાબિત કરે છે કે, આ કામના ત્હોમતદારોએ તા.૦૮.૧૦.૨૦૦૪ ના રોજ કલાક ૧૯.૧૫ વાગ્યેના સુમારે મોજે પાદરા ગામની સીમમાં આરોપી નં.૧ ના ખેતરમાં જાહેર જગ્યામાં વગર પાસ પરમીટે પોતે પોતાના કબ્જામાં ઇંગ્લીશ દારૂ રાખી દારૂની મહેફીલ યોજી આરોપી નં. ૧, ૩, ૪, ૬, ૧૦, ૧૧, ૧૨, ૧૩ નાઓ દારૂનો નશો કરેલી હાલતમાં તેમજ આરોપી નં. ૨, ૪, ૭, ૮, ૯ નાઓ મહેફીલમાં સાથે હાજર રહી તેમજ ઇંગ્લીશ દારૂની બોટલ તેમજ મીક્સ કરેલ દારૂ તેમજ દારૂ પીવા માટેના સાધનો રાખી પકડાઇ જઇ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ધી પ્રોહિબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧)(૩), ૬૫(એ)(ઇ), ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ કરેલ છે?

(૨) શું હુકમ?

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છેઃ

(૧) હકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

(૧૦) ફરિયાદીની ફરિયાદ હકીકત, રેકર્ડ ઉપરના પુરાવા, કાયદાકીય જોગવાઇઓ તથા દલીલો ધ્યાનમાં લેતા, ઉપરોકત મુદ્દાઓના જવાબ અંગેના મારા વિગતવારના કારણો તથા તારણો નીચે મુજબ છેઃ

## **-:: કારણો ::-**

**મુદ્દા નં.૧ અને ૨ ના કારણોઃ**

(૧૧) કેસનું રેકર્ડ ધ્યાને લીધું. આ કામે રેકર્ડ જોતાં આરોપીઓ દ્વારા આંક-૫ થી તા.૧૨.૦૪.૨૦૧૩ ના રોજ આરોપીઓની પ્લી નોંધવામાં આવેલ જેમાં તમામ આરોપીઓએ ગુનો કબુલ ના હોય જેથી કેસ આગળ ચલાવવા રજુઆત કરેલ જે આધારે આરકરોપીઓનો કેસ આગળ ચલાવવામાં આવેલ. વધુમાં આ કામનું રેકર્ડ જોતાં આરોપી નં.૮ અને ૯ નાઓ હાજર રહેતા ન હોય જેથી આરોપી નં. ૮ ના જામીનદાર દ્વારા આરોપી આફ્રિકા જતો રહેલ હોય જેથી જામીનદારની જામીનગીરીની રકમ જપ્ત કરવામાં આવેલ તેમજ આરોપી નં.૯ હાજર રહેતા ન હોય જેથી તેઓ વિરુધ્ધ બાકીનો કેસ સી.આર.પી.સી.ની કલમ-૨૯૯ મુજબ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ. આ કામે જે સાક્ષીઓ થયેલા છે તેઓની જુબાની ધ્યાને લીધી તથા રજુ કરવામાં આવેલ પુરાવો ધ્યાને લીધો. આ કામે ફરિયાદપક્ષ તરફથી આંક-૧૦ થી પંચસાક્ષી મહેશભાઇ ઇશ્વરભાઇને તથા આંક-૧૨ થી પંચસાક્ષી વિજયભાઇ જેસીંગભાઇને તપાસવામાં આવેલા છે. આ બંને સાક્ષીની સરતપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓ દ્વારા પંચનામાંમાં પોલીસના કહેવાથી સહિ કરેલી હોય તેવી હકીકત જણાવવામાં આવેલી છે અને પંચનામાં વિશે તેઓને કોઇ જાતમાહિતી નથી તેવી હકીકત જણાવેલી છે. સરકારી વ.શ્રી.દ્વારા ત્યારબાદ આ બંને પંચસાક્ષીની ઉલટતપાસ કરવામાં આવેલી છે અને તેમાં

પંચનામાંની હકીકતોને કોઇ સમર્થન આપવામાં આવેલું નથી. આ કામે ત્યારબાદ આરોપીના વ.શ્રી. દ્વારા આ બંને પંચસાક્ષીની ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમાં તેમણે એવી હકીકત કબુલ કરેલ છે કે પોલીસે તૈયાર પંચનામાંમાં સહિ કરાવેલી અને તે સિવાય કોઇ હકીકત જાણતા નથી. આમ, આ સાહેદની જુબાની દ્વારા પંચનામાંમાં પંચોની સહિ હોવાની હકીકત પુરવાર થાય છે.

(૧૨) ત્યારબાદ આંક-૩૬ થી સાહેદ એ.એસ.આઇ.નસરુલ્લાખાન ઇસબખાનની જુબાની નોંધવામાં આવેલી છે. આ સાહેદે ફરિયાદને અનુરૂપ જુબાની આપેલી છે. સદર સાહેદની સોગંદ ઉપરની જુબાની વંચાણે લેવામાં આવે તો તા.૦૮.૧૦.૨૦૦૪ ના રોજ તેઓ પાદરા પો.સ્ટે.હાજર હતા ત્યારે પી.આઇ.શ્રી પટેલ સાહેબે વર્ધી આપેલ તે મુજબ બનાવ સ્થળે તેઓ તથા સ્ટાફના માણસો પહોંચી ગયેલ જ્યાં સદર આરોપીઓ પૈકી આઠ આરોપીઓ નશામાં મશગુલ હોવાનું અને પાંચ આરોપીઓ પાસે દારૂની બોટલ હોવાનું માલુમ પડેલ અને તેઓ પાસે પાસ પરમીટ માંગતા ન હોવાનું તેઓએ જણાવેલ જેથી સદર આઠ ઇસમોને શરીર સ્થિતિનું પંચનામું કરેલ અને તે મુજબ સદર આરોપીઓ વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧) (બી), ૮૫(૧)(૩), ૬૫(એ)(ઇ) તથા ૮૧ મુજબનું પંચનામું તથા મેડીકલ કરાવેલ તેમજ બાકીના પાંચ આરોપીઓ દારૂનું પઝેશન રાખેલ હોય તે બદલનું પંચનામું કરેલ. તેમજ સ્થળ ઉપરથી રોકડ રૂ.૧૦,૭૧૫/- કબ્જે કરેલ હોવાનું સાહેદ જણાવે છે તેમજ આરોપીઓને ઓળખી શકે તેવી હકીકત જણાવે છે. આમ, આ સાહેદની સરતપાસ વંચાણે લેવામાં આવે તો તેઓ ફરિયાદને અનુરૂપ જુબાની આપતા હોવાનું ફલિત થાય છે.

જ્યારે આરોપીઓ તરફે વિ.વ.શ્રી જી.કે.પરમાર દ્વારા લેવાયેલ ઉલટ તપાસમાં તેઓ પાદરા પો.સ્ટે.માં પાંચ વર્ષ રહેલ હોવાનું, તેઓ પાદરાના આજુ બાજુના વિસ્તારને સારી રીતના જાણતા હોવાનું, પાદરા ધાયજ રોડ હાઇવે રસ્તો હોવાનું, બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાંક વિસ્તાર આવેલ હોવાનું, રેઇડ દરમ્યાન તેમની સાથે તેમના પી.આઇ.હોવાનું, તેમણે મુદ્દામાલ જાતે જોયેલ ન હોવાનું, તેમના જવાબમાં કોઇ પંચોના નામઠામ જણાવેલ ન હોવાનું, આરોપી ઓએ તેઓની ઓળખ અંગેનો કોઇ આધાર પુરાવો રજુ કરેલ ન હોવાનું, આ તમામ હકીકતોનો સાહેદે સ્વીકાર કરેલ છે. આમ, આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં

આવેલ ઉલટતપાસને ધ્યાને લેવામાં આવે તો તેઓ દ્વારા એવી કોઇ હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી કે જે દ્વારા આરોપી સ્થળ ઉપર હાજર ન હોય કે આરોપીઓ પાસેથી મુદ્દામાલ કબ્જે લેવામાં આવેલ હોય. તેવા સંજોગોમાં બનાવવાળી જગ્યા ભરચક વિસ્તારવાળી હોવા માત્રથી આરોપીઓએ કહેવાતો ગુનો કરેલ નથી તેવું માની શકાય નહિ તેવા સંજોગોમાં હાલના સાહેદ સમગ્ર જુબાની વંચાણે લેવામાં આવે તો સાહેદ બનાવ સમયે હાજર હોવાનું તથા બનાવ સ્થળે હાલના આરોપીઓ સહિત અન્ય આરોપીઓની અટક કરવામાં આવેલ હોય તથા તે મુજબનું પંચનામું કરેલ હોવાનું ફલિત થાય છે. વધુમાં હાલના સાહેદની જુબાની ધ્યાને લેતાં તેઓ મની જુબાનીમાં આરોપીઓ પાસેથી દારૂની બોટલો પકડાયેલ હોવાનું અને તે બાબતનું પાસ પરમીટ ન હોવાનું ફલિત થાય છે. વધુમાં આરોપીઓના વિ.વશ્રી દ્વારા કરવામાં આવેલ ઉ.ત.માં પણ આરોપીઓ પાસે પાસ પરમીટ હતી તેવો કોઇ બચાવ લેવામાં આવેલ નથી. તેવા સંજોગોમાં હાલના સાહેદની જુબાનીને આધારે આરોપીઓ સામેનો ગુનો પુરવાર થયેલ હોવાનું ફલિત થાય છે.

(૧૩) આ કામે ત્યારબાદ આંક–૩૮ થી સાહેદ રમેશભાઇ રયજીભાઇ વરીયાની જુબાની નોંધવામાં આવેલી છે. આ સાહેદે ફરિયાદને અનુરૂપ જુબાની આપેલી છે. સદર સાહેદની સોગંદ ઉપરની જુબાની વંચાણે લેવામાં આવે તો તા.૦૮.૧૦.૨૦૦૪ ના રોજ તેઓ પાદરા પો.સ્ટે.હાજર હતા ત્યારે પી.આઇ.શ્રી પટેલ સાહેબે વર્ધી આપેલ તે મુજબ બનાવ સ્થળે તેઓ તથા સ્ટાફના માણસો પહોંચી ગયેલ જ્યાં સદર આરોપીઓ પૈકી આઠ આરોપીઓ નશામાં મશગુલ હોવાનું અને પાંચ આરોપીઓ પાસે દારૂની બોટલ હોવાનું માલુમ પડેલ અને તેઓ પાસે પાસ પરમીટ માંગતા ન હોવાનું તેઓએ જણાવેલ જેથી સદર આઠ ઇસમોને શરીર સ્થિતિનું પંચનામું કરેલ અને તે મુજબ સદર આરોપીઓ વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧)(૩), ૬૫(એ)(ઇ) તથા ૮૧ મુજબનું પંચનામું તથા મેડીકલ કરાવેલ તેમજ બાકીના પાંચ આરોપીઓ દારૂનું પઝેશન રાખેલ હોય તે બદલનું પંચનામું કરેલ. તેમજ સ્થળ ઉપરથી રોકડ રૂ.૧૦,૭૧૫/– કબ્જે કરેલ હોવાનું સાહેદ જણાવે છે તેમજ આરોપીઓને ઓળખી શકે તેવી હકીકત જણાવે છે. આમ, આ સાહેદની સરતપાસ વંચાણે લેવામાં આવે તો તેઓ ફરિયાદને અનુરૂપ જુબાની આપતા હોવાનું ફલિત થાય છે.

જયારે આરોપીઓ તરફે વિ.વ.શ્રી જી.કે.પરમાર દ્ધારા લેવાયેલ ઉલટ તપાસમાં તેઓ પાદરા પો.સ્ટે.માં પાંચ વર્ષ રહેલ હોવાનું, તેઓ પાદરાના આજુ બાજુના વિસ્તારને સારી રીતના જાણતા હોવાનું, પાદરા ધાયજ રોડ હાઇવે રસ્તો હોવાનું, બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાંક વિસ્તાર આવેલ હોવાનું, રેઇડ દરમ્યાન તેમની સાથે તેમના પી.આઇ.હોવાનું, તેમણે મુદ્દામાલ જાતે જોયેલ ન હોવાનું, તેમના જવાબમાં કોઇ પંચોના નામઠામ જણાવેલ ન હોવાનું, આરોપી ઓએ તેઓની ઓળખ અંગેનો કોઇ આધાર પુરાવો રજુ કરેલ ન હોવાનું, આ તમામ હકીકતોનો સાહેદે સ્વીકાર કરેલ છે. આમ, આરોપીના વિ.વ.શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટતપાસને ધ્યાને લેવામાં આવે તો તેઓ દ્ધારા એવી કોઇ હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી કે જે દ્ધારા આરોપી સ્થળ ઉપર હાજર ન હોય કે આરોપીઓ પાસેથી મુદ્દામાલ કબ્જે લેવામાં આવેલ હોય. તેવા સંજોગોમાં બનાવવાળી જગ્યા ભરચક વિસ્તારવાળી હોવા માત્રથી આરોપીઓએ કહેવાતો ગુનો કરેલ નથી તેવું માની શકાય નહિ તેવા સંજોગોમાં હાલના સાહેદ સમગ્ર જુબાની વંચાણે લેવામાં આવે તો સાહેદ બનાવ સમયે હાજર હોવાનું તથા બનાવ સ્થળે હાલના આરોપીઓ સહિત અન્ય આરોપીઓની અટક કરવામાં આવેલ હોય તથા તે મુજબનું પંચનામું કરેલ હોવાનું ફલિત થાય છે. વધુમાં હાલના સાહેદની જુબાની ધ્યાને લેતાં તેઓ મની જુબાનીમાં આરોપીઓ પાસેથી દારૂની બોટલો પકડાયેલ હોવાનું અને તે બાબતનું પાસ પરમીટ ન હોવાનું ફલિત થાય છે. વધુમાં આરોપીઓના વિ.વશ્રી દ્ધારા કરવામાં આવેલ ઉ.ત.માં પણ આરોપીઓ પાસે પાસ પરમીટ હતી તેવો કોઇ બચાવ લેવામાં આવેલ નથી. તેવા સંજોગોમાં હાલના સાહેદની જુબાનીને આધારે આરોપીઓ સામેનો ગુનો પુરવાર થયેલ હોવાનું ફલિત થાય છે.

(૧૪) ત્યારબાદ આંક-૪૨ થી સાહેદ દાદુસિંહ લાલસિંહ પરમારની જુબાની નોંધવામાં આવેલી છે. આ સાહેદે તેમના સરતપાસમાં જણાવેલ છે કે તા.૦૮.૧૦.૨૦૦૪ ના રોજ તેઓ પાદરા પો.સ્ટે.માં પી.એસ.આઇ.તરીકે ફરજ ઉપર હતા તે વખતે પાદરા પો.સ્ટે.ઓફિસર તરફથી પાદરા થર્ડ ગુ.ર.નં.૪૭૨/૨૦૦૪ પ્રોહી.એકટ કલમ-૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૮૫(૧)(૩), ૮૧ મુજબના ગુનાની તપાસ માટે હુકમ આપેલ તેના આધારે ફરિયાદ તથા કેસ પેપરો સંભાળી લઇ સાથેના પોલીસના માણસોના નિવેદનો લીધેલા. વધુમાં પી.એસ.ઓ.એ મુદ્દામાલ સોંપેલ તે પ્રમાણે મુદ્દામાલ પાવતી જોઇ આરોપીઓના ફિંગર પ્રિન્ટ લેવડાવી, મેડીકલ

કરાવી અને ફોટા પડાવેલ અને કુલ ૧૩ આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા હોવાથી નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનું જણાવે છે. વધુમાં આરોપીઓ કોર્ટમાં હાજર ન હોય પરંતુ બચાવપક્ષે ઓળખની તકરાર ન હોવાનું જણાવેલ છે.

જ્યારે આરોપીપક્ષ તરફેની ઉ.ત.માં બનાવવાળી જગ્યાની આસપાસ ઘણીબધી દુકાનો આવેલ હોવાનું, બનાવવાળી જગ્યાની આસપાસ રહેણાંકના મકાનો આવેલ હોવાનું, બનાવવાળી જગ્યાએ પોલીસ જાય તો લોકો નાસભાગ કરતા હોવાનું, સદર તપાસના કામે સ્વતંત્ર સાહેદના નિવેદનો લીધેલ ન હોવાનું, સાક્ષીઓના નિવેદન તેમણે જાતે લીધેલ હોવાનું, આ તમામ હકીકતોનો સાહેદે સ્વીકાર કરેલ છે. આમ, આ સાહેદની સમગ્ર જુબાની વંચાણે લેવામાં આવે તો હાલના સાહેદ બનાવ સમયે પાદરા પો.સ્ટે.માં ફરજ બજાવતા હોવાનું અને હાલના ગુનાની તપાસ તેઓએ કરેલ હોવાનું ફલિત થાય છે. વધુમાં આરોપીપક્ષેની ઉ.ત.માં હાલના સાહેદે તપાસ કરેલ નથી તેવી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. તેઓની સમગ્ર ઉલટતપાસ વંચાણે લેવામાં આવે તો હાલના સાહેદે પુછવામાં આવેલ સવાલોના જવાબ મહત્તમ રીતે ઈન્કારીમાં આપેલ છે. તેમજ આરોપીઓ વિરુધ્ધ ખોટુ ચાર્જશીટ કરવા પાછળનું શું કારણ હતું તેવા કોઈ સવાલ આરોપીઓ દ્ધારા પુછવામાં આવેલ નથી. તેવા સંજોગોમાં સાહેદ પોલીસ કર્મચારી હોય તેમજ ફરજના ભાગરૂપે તેઓએ તપાસ કરેલ હોય અને આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો મળઈ આવતા ચાર્જશીટ કરેલ હોય તેમજ અન્ય સાહેદોનું પણ તેઓને સમર્થન મળતુ હોય તેવા સંજોગોમાં હાલના સાહેદની જુબાનીને આધારે આરોપીઓ સામેનો કેસ પુરવાર થયેલ હોવાનું ફલિત થાય છે.

(૧૫) સદર કામનું રેકર્ડ જોતાં આરોપીઓ વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧)(૩), ૬૫(એ)(ઈ), ૮૧ મુજબનો ગુનો નોંધાયેલ હોવાનું અને તે મુજબનું ચાર્જશીટ થયેલ હોવાનું ફલિત થાય છે. સદર કામે કાયદાકીય જોગવાઇ જોવામાં આવે તો ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૬(૧)(બી) મુજબ કોઇપણ કેફી પદાર્થ અથવા ભાંગ ગાંજો લે તેનો ઉપયોગ કરે કે કબ્જામાં રાખે અથવા તેની હેરફેર કરે તો તે ગુનાહિત કૃત્ય ગણાશે તેવું ઠરાવેલ છે. તેમજ કલમ–૮૫(૧)(૩) મુજબ કોઇપણ વ્યક્તિ રાહદારીના માર્ગ અથવા સાર્વજનિક સ્થળ ઉપર નશાની હાલતમાં મળી આવે અને જો તેની પાસે તે અંગેની કોઇ પાસ પરમીટ

ન હોય તો તે ગુનાહિત કૃત્ય ગણાશે તેવું ઠરાવેલ છે. તેમજ કલમ–૬૫(એ)(ઇ) મુજબ કેફી પદાર્થનું વેચાણ અથવા ખરીદ કરવું તો તે ગુનાહિત કૃત્ય ગણાશે તેવું ઠરાવેલ છે. વધુમાં કલમ–૮૧ મુજબ જો કોઇ વ્યક્તિ આ અધિનિયમ હેઠળ ગુનો કરવાની કોશિષ કરે અથવા મદદગારી કરે તો તેને દોષિત ઠર્યેથી મુખ્ય ગુના માટે જે શિક્ષા ઠરાવી છે તે જ શિક્ષા થશે તેવું ઠરાવેલ છે. આમ, હાલના કેસનું ફરિયાદીની ફરિયાદ તથા ચાર્જશીટ વંચાણે લેવામાં આવે તો ત.ક.અ.દ્વારા અન્ય આરોપીઓ ઉપરાંત હાલના કેસના આરોપી નં.૮ તથા ૯ સામે મહેફિલમાં હાજર રહી ઇંગ્લીશની દારૂની બોટલ તેમજ મિક્સ કરેલ દારૂ સાથે અન્ય આરોપીઓની સાથે પકડાઇ ગયેલ હોવાનું જણાવેલ હોય તેવા સંજોગોમાં હાલના બાકી રહેલા આરોપી નં.૮ તથા ૯ સામે પ્રોહીબીશનની કલમ–૮૧ મુજબનો ગુનો દાખલ થયેલ હોવાનું અને તે મુજબનું ચાર્જશીટ થયેલ હોવાનું તથા તે મુજબનો ગુનો પુરવાર થયેલ હોવાનું ફલિત થાય છે. આ કામનું રેકર્ડ જોવામાં આવે તો તપાસવામાં આવેલ બન્ને પંચો તેઓની પંચનામાંમાં સહિ હોવાનું સ્વીકારે છે તેમજ અન્ય સાહેદો બનાવ સમયે હાજર હોવાનું અને સ્થળ ઉપરથી આરોપીઓને મુદ્દામાલ સાથે પકડેલ હોવાનું જણાવેલ છે. વધુમાં આરોપીઓ સામે ચાર્જશીટ થયા બાદ આરોપીઓએ હાજર થઇ આંક–૫ થી તેઓને ગુનો કબુલ નથી તેવું જણાવી કેસ આગળ ચલાવવા રજુઆત કરેલ તેમજ તેઓ સામે ઉપરોકત મુજબના સાક્ષીઓ તપાસવામાં આવ્યા બાદ તેઓ પૈકી આરોપી નં.૮ તથા ૯ સિવાયના અન્ય આરોપીઓએ ગુનો કબુલ કરેલ હોવાનું રેકર્ડ ઉપરથી ફલિત થાય છે. તેવા સંજોગોમાં સદર કામનું રેકર્ડ જોતાં આંક–૧૨૦ થી સદર કામના આરોપી નં.૧ થી ૪ તથા ૬ તથા ૭ તેમજ ૧૦,૧૨ અને ૧૩ નાઓએ તા.૧૯.૦૨.૨૦૨૪ ના રોજ ગુનો કબુલ કરેલ હોવાનું રેકર્ડ ઉપરથી ફલિત થાય છે તેમજ સદર કામનો ઠરાવ જોવામાં આવે તો કબુલ કરનાર આરોપીઓ સામેનો ગુનો પુરવાર થયેલ હોવાનું કોર્ટે માનીને દરેક આરોપીઓને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા દરેક આરોપીને રૂ.૫૦૦/– નો દંડ કરેલ હોવાનું ફલિત થાય છે. તેમજ આજદિન સુધી આરોપીઓ દ્વારા કે ફરિયાદપક્ષ દ્વારા સદર ચુકાદાને એપેલેટ કોર્ટમાં પડકારેલ હોય તેવું રેકર્ડ ઉપરથી જણાય આવતુ નથી તેવા સંજોગોમાં જ્યારે અન્ય આરોપીઓ કે જેઓ દ્વારા દારૂની મહેફીલ માણતા હોવાનું અને તેઓ પીધેલી હાલતમાં પકડાઇ ગયેલ હોવાનું સ્વીકારેલ હોય અને તેઓ પાસેથી મુદ્દામાલ પકડાયેલ હોય તથા અન્ય આરોપીઓ દ્વારા પણ સ્થળ ઉપર હાજર હોવાનું સ્વીકારેલ હોય ત્યારે સદર કામના ૧૩ આરોપીઓ પૈકી જ્યારે ૯

આરોપીઓ ગુનો કબુલ કરતા હોય અને તેઓને તકસીરવાન ઠેરવવામાં આવેલ હોય તથા હાલના કામે તપાસવામાં આવેલ સાહેદોની જુબાની પણ વંચાણે લેવામાં આવે તો હાલના બન્ને આરોપીઓ સામેનો ગુનો પુરવાર થયેલ હોવાનું ફલિત થાય છે. વધુમાં હાલના બન્ને આરોપીઓ દ્વારા કેસ આગળ ચલાવવાની રજુઆત કરેલ હોય પરંતુ સદર કામે તેઓ વિરુધ્ધનો પુરાવો નોંધાયા બાદ તેઓ હાજર રહેલ ન હોય તેવા સંજોગોમાં હાલના બન્ને આરોપીઓને તેઓ સામેના ગુનાની તથા થયેલ ચાર્જશીટની તેમજ તેઓ વિરુધ્ધ પડેલ પુરાવાની પુરેપુરી જાણકારી હોય તેઓ ઈરાદાપુર્વક હાજર રહેતા ન હોવાનું રેકર્ડ ઉપરથી ફલિત થાય છે. વધુમાં આરોપી નં.૮ ના જામીનદાર દ્વારા પણ આરોપીને હાજર રખાવવા પ્રયત્ન કરેલ હોવાનું રેકર્ડ ઉપરથી ફલિત થતુ હોય તેમજ આરોપીઓ આફ્રિકા જતા રહેલ હોવાનું જામીનદારે જણાવેલ હોય તેવા સંજોગોમાં આરોપીઓને ચોક્કસપણે હાલના કેસની જાણ થયેલ હોવાનું ફલિત થાય છે અને આ જાણ જામીનદારે કરેલ હોવા છતાં આરોપી હાજર રહેલ ન હોય તેવા સંજોગોમાં આરોપીઓને તેમની સામેનો ગુનો પુરવાર થયેલ હોવાનું જાણ થયેલ હોય જેથી જ તેઓ સજાથી બચવા માટે ભારત છોડી ચાલ્યા ગયેલ હોવાનું ફલિત થાય છે. વધુમાં આરોપીઓ દ્વારા તેઓ સામે પડેલ પુરાવાના ખુલાસા માટે કે ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવાને કેમ ન માનવું તે અંગેની કોઈ રજુઆત કરવા હાજર રહેલ નથી તેવા સંજોગોમાં ફરિયાદપક્ષે તપાસેલ સાહેદો કે જેઓ સરકારી સાહેદ છે તેમજ તેઓની ફરજના ભાગરૂપે તેઓએ કામગીરી કરેલ હોય તેને ન માનવાનું કોઈ કારણ નથી.

(૧૬) ઉપરોકત ચર્ચાને વંચાણે લેતાં તથા આંક–૧૧૦ થી અન્ય આરોપીઓની કબુલાત તેમજ આંક–૧૨૦ થી અન્ય આરોપીઓને તકસીરવાન ઠરાવેલ હોય તેમજ વિ.એ.પી.પી.શ્રીની દલીલો ધ્યાને લેતાં આરોપી નં.૮ તથા આરોપી નં.૯ નાઓ વિરુધ્ધ પ્રોહિબીશનની કલમ–૮૧ મુજબનો ગુનો નિઃશંકપણે સાબિત કરવામાં સફળ ગયેલ હોય મુદા નં. ૧ તથા ૨ નો જવાબ હકારમાં આપુ છુ.

(૧૭) ઉપરોકત ચર્ચા તથા પુરાવા તથા કાયદાકીય જોગવાઈ વંચાણે લેતાં ફરીયાદી દ્વારા આરોપી નં.૮ તથા આરોપી નં.૯ વિરુધ્ધ પ્રોહીબીશનની કલમ–૬૬(૧)(બી),

૮૫(૧)(૩), ૬૫(એ)(ઈ), ૮૧ મુજબનો ગુનો પુરવાર કરેલ હોવાનુ ફલિત થતુ હોય, તમામ કાયદાકીય જોગવાઈઓ અને કાયદાકીય સિધ્ધાંતો ધ્યાને લેતા હાલ ના કેસમાં આરોપી નં.૮ અને ૯ પોતાની સામેની ફરીયાદ ચલાવવા હાજર રહેલ ન હોય કે કલમ–૩૧૩ મુજબના જવાબો નોંધાવા હાજર થયેલા ન હોય તેમ છતાં તેની સામે ચુકાદો જાહેર કરવો વ્યાજબી જણાતો હોય, આરોપી ઓને સજા કરતા પહેલા સાંભળવા માટે વધુ એક તક આપવી જરુરી જણાતુ હોય, જેથી સજા અંગે સાંભળવા માટે મુલત્વી.

| | |
|---|---|
| તા.૨૧.૦૯.૨૦૨૪<br>સ્થળઃ પાદરા.<br><br>v.s.ruikar | **(ઝેડ.એન.મુન્શી)**<br>એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ<br>પાદરા, જી.વડોદરા.<br>આઈ.ડી.નં.જીજે૦૧૦૩૪ |

## સજા અંગે સાંભળ્યા

(૧) વિ.એ.પી.પી.શ્રી નાઓ હાજર છે તેમજ આરોપીઓ સામેનો ગુનો પુરવાર થતો હોય જેથી કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

(૨) આ કામના આરોપી નં.૮ તથા આરોપી નં.૯ નો પોકાર કરાવતા તેઓ હાજર નથી કે તેઓ તરફે કોઇ રીપોર્ટ નથી.

(૩) સદર કામનું રેકર્ડ જોતાં આરોપી નં.૮ તથા આરોપી નં.૯ નાઓને હાલના ગુનાની જાણ હોવા છતાં તેમજ પુરાવો નોંધાયા બાદ તેઓ હાજર રહેલ ના હોય તેમજ જામીનદાર દ્વારા પણ આરોપીને હાજર રખાવી શકેલ ના હોય તેવા સંજોગોમાં સદર આરોપીઓને હાલના ગુનાની તથા તેમાં પડેલ પુરાવાની જાણ હોવા છતાં ઈરાદાપુર્વક હાજર રહેલ ના હોય તેમજ તેઓને બચાવ માટેની પુરતી તક આપેલ હોય તેમ છતાં હાજર રહેલ ન હોય તથા આરોપીઓ સામેનો કેસ પુરવાર થયેલ હોય તેમજ આરોપી સામેનો હાલનો ગુનો ૨૦૦૫ થી દાખલ થયેલ હોય તેવા સંજોગોમાં ગુનાની ગંભીરતા તથા સજાને ધ્યાને લેતાં તેમજ જ્યારે આ કામના અન્ય આરોપીઓને અત્રેની કોર્ટ દ્વારા તકસીરવાન ઠેરવવામાં આવેલ હોય ત્યારે હાલના આરોપીઓ સામેનો ગુનો પુરવાર થયેલ હોવાનું ફલિત થતુ હોય તેમજ સદર કામના બન્ને આરોપીઓ સામે પ્રોહીબીશનની કલમ–૮૧ મુજબનો ગુનો બનતો હોય તેમજ સદર કામે પ્રોહીબીશનની કલમ–૮૧ ને ધ્યાને લેતાં જો આરોપીઓ સામે ગુનો સાબિત થાય અને જો આરોપીઓએ જાતે માદક પદાર્થનું સેવન કરેલ ન હોય પરંતુ તેવા ગુના સમયે તેઓ હાજર હોય અને તેઓ પાસેથી કેફી પદાર્થ મળી આવેલ હોય ત્યારે આ આરોપીઓ મુખ્ય ગુના માટે જે શિક્ષા નિર્ધારીત કરેલ છે તે જ શિક્ષા તેઓને થશે તેવી જોગવાઈ સદર કલમ–૮૧ માં કરવામાં આવેલ છે તેવા સંજોગોમાં સદર કામે આરોપીઓ સામે પ્રોહીબીશનની કલમ– ૬૬(૧)(બી), ૮૫(૧)(૩), ૬૫(એ)(ઇ), ૮૧ મુજબનો ગુનો નોંધાયેલો હોય અને ફરિયાદપક્ષે સદર ગુનો સાબિત કરેલ હોય, તેવા સંજોગોમાં સજા અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

(૧) **આરોપી નં.(૮) રાજેશભાઇ શાંતિલાલ પટેલ** રહે.સી–૮૬, સ્નોપલ્સ સોસાયટી, વાસણા રોડ, વડોદરા તથા **આરોપી નં.(૯) સમીરભાઇ નરેન્દ્રભાઇ ભાવસાર** રહે.મોટી છીપવાડ, જૈન ઉપાશ્રય પાસે, પાણીગેટ, ભદ્ર ઓફીસ સામે, વડોદરા નાઓને પ્રોહીબીશનની કલમ– ૬૬(૧)(બી), ૮૫(૧)(૩), ૬૫(એ)(ઇ), ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ: ૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠેરવવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ સદર ગુના સબબ દરેક આરોપીઓને **એક વર્ષની સાદી કેદની સજા તથા રૂ.૫૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા)** નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડ જમા ન કરાવે તો વધુ ૧૫ દિવસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલનો જો નાશ કરવામાં આવેલ ન હોય તો કાયદેસરની પ્રક્રિયા મુજબ સદર મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. જે અંગેની યાદી પાદરા પોલીસ સ્ટેશન કરવી તેમજ સદર કાર્યવાહી પુર્ણ થયેથી પાદરા પોલીસ સ્ટેશને તે મુજબની જાણ અત્રેની કોર્ટને કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપી નં.૮ તથા ૯ નાઓ હાજર ના હોય જેથી તેઓ વિરુધ્ધનું સજા વોરંટ કમિશ્નરશ્રી, વડોદરા નાઓને બજવણી અર્થે મોકલવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ સદર વોરંટની બજવણી કરી તે અંગેનો રીપોર્ટ કમિશ્નરશ્રી, વડોદરા નાઓએ કરવો.

હુકમ આજરોજ તા.૨૧.૦૯.૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા.૨૧.૦૯.૨૦૨૪<br>સ્થળ: પાદરા.<br><br>v.s.ruikar | **(ઝેડ.એન.મુન્શી)**<br>એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ<br>પાદરા, જી.વડોદરા.<br>આઇ.ડી.નં.જીજે૦૧૦૩૪ |